



સે-૧૧માં આડેધડ પાર્કિંગનું દૂષણ માઝા મૂકી રહ્યું છે

ગાંધીનગરના અતિ વ્યસ્ત કોમર્શિયલ વિસ્તાર સેક્ટર-૧૧માં છાશવારે આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. ટ્રાફિક પોલીસ દ્વારા સુમન ટાવરથી મેઘ મલ્હાર સુધીના આગળના વિસ્તારમાં ક્યારેક ટ્રાફિક અને પાર્કિંગ નિયમન કરાય છે. પરંતુ હોટલ હવેલીથી રામકથા મેદાન સામેના રોડની ઉપેક્ષા કરાય છે. આ કારણે આ રોડ પર આડેધડ પાર્કિંગનો રાફડો પાટી નીકળે છે. વિજય શોપીંગ સેન્ટર અને અભિષેક કોમ્પ્લેક્ષ સામે રોજ સવારથી જ બેજવાબદાર પાર્કિંગના કારણે નાની મોટી તકરારો થવા પામે છે. (તસવીર : સમીર રામી)

## ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં પ્રથમ મહિલા પી.એસ.ઓ.ની નિયુક્તિ

પુરૂષ પ્રધાન ભારત દેશમાં આજે મહિલાઓ અનેક ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિ હાંસલ કરી પુરૂષ કરતા આગળ વધી છે અને ઉચ્ચ પદો પર બેસી



સેવા કરી રહી છે. ત્યારે સે. ૭ સ્થિત નવનિર્મિત ઈન્ફોસિટી પોલીસ મથકમાં પી.આઈ. વાય.એમ. મિશ્રાની સૂચનાથી પ્રથમ મહિલા પોલીસ સ્ટેશન ઓફિસર (પીએસઓ) તરીકે એ.એસ.આઈ. પ્રેમુબા મગનજી વાઘેલાએ ચાર્જ સંભાળ્યો હતો અને પોલીસ સ્ટેશન ડાયરીમાં નોંધ કરી કાર્યવાહીનો શુભારંભ કર્યો હતો.

# સરગાસણ સર્કલ પાસેથી પકડાયેલી દારૂ ભરેલી ઈનોવા કાર અદ્રશ્ય

### તથા-કથીત આ બનાવ વેળાએ બ્લેક એસેન્ટ કારમાં આવેલી પોલીસે દારૂની હેરાફેરી કરતા આરોપીને હાથકડી બાંધી ઠંડું પીધું ને...! મામલો સુલટાવ્યો હોવાની ચર્ચા : પંચરગ્રસ્ત ઈનોવા કારમાંથી માલ પણ ટેમ્પામાં સગેવગે થઈ ગયો

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગાંધીના નામે ઓળખાતા આ વિસ્તારમાંથી અનેકવાર દારૂ ભરેલી ચિક્કાર ગાડીઓ પોલીસ ઝપટમાં આવે છે. દારૂની હેરાફેરી દરમિયાન મોટાભાગે બાતમીના આધારે પોલીસ વોચ ગોઠવી બુટલેગરોની બદીને ડામવા કડક રાહે કામગીરી હાથ ધરે છે. આવા સંજોગોમાં પોલીસની નજર ચૂકવીને ગુનેગારો પલાયન થવામાં સફળ પણ રહેતા હોય છે. પરંતુ આ કિસ્સામાં કઈક અલગ જ બન્યું હોવાનું -કાશમાં આવ્યું છે. ગાંધીનગર નજીક સરગાસણ સર્કલ પાસે દારૂ ભરીને જતી ઈનોવા કાર પોલીસની ઝપટે ચડી હતી. પરંતુ ઈનોવા કારના ચાલકને દારૂના જથ્થા સાથે ઝડપી લીધા બાદ હાથકડી પહેરાવી પોલીસ અને બુટલેગર વચ્ચે ગુફતેગુ થતા સમગ્ર મામલે ભીનું સંકેલાઈ દેવાયું હતું. બીજી તરફ ઈનોવા કારમાંથી દારૂનો જથ્થો ટેમ્પો મારફતે પોલીસની હાજરીમાં જ સગેવગે કરી દેવાયો હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

અંતરંગ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગઈ કાલે રાતે ૧૧ વાગ્યાના અરસામાં ગાંધીનગરના સરગાસણ સર્કલ પાસે એક ઈનોવા ગાડી પંચર પડી ગઈ હતી. પોલીસને બાતમી મળી કે આ ગાડીમાં દારૂનો જથ્થો ભરેલો છે. એક બ્લેક એસેન્ટ ગાડી અને સુમો લઈને પોલીસ આવી પણ પહોંચી અને ઈનોવા ચેક કરતા બાતમી સાચી પણ નીકળી. ઈનોવા દારૂથી ખીચોખીચ ભરેલી હતી. પોલીસે ડ્રાઈવરને હાથકડી પહેરાવી દીધી અને ત્યાર બાદ બંને વચ્ચે ઠંડા પીણું પીવાના બહાને ખાનગી વાતચીત થઈ હતી. અને થોડી વારમાં જ મામલો આશ્ચર્યજનક રીતે સુલટાવી દેવાયો હતો. વાતચીત બાદ આ સમગ્ર મામલા ઉપર પડદો પાડી દેવાયો હતો. આ દરમિયાન સ્થળ પાર આવેલા એક ટેમ્પામાં દારૂનો જથ્થો સગેવગે કરી દેવાયો હતો. આ સમગ્ર -કરણમાં આરોપી અને પોલીસ કોણ ટે બાબતનું હજુ રહસ્ય અકબંધ છે. જો કે આજે દિવસ દરમિયાન પોલીસ તંત્રમાં પણ આ કિસ્સો ચર્ચા સ્થાને રહ્યો હતો.

# ઉનાવા પ્રાથમિક શાળામાંથી પંખાઓ ભૂતપૂર્વ વિદ્યાર્થી જ ચોરી ગયો હતો

ગાંધીનગર, તા. ૧૩

ઉનાવા -થમિક શાળાને ટાર્ગેટ બનાવી વર્ગખંડોમાંથી ૨૭ પંખાની શીફતાઈપૂર્વક ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ પેથાપુર પોલીસ મથકે શાળાના આચાર્યએ નોંધાવી હતી. આકરી ગરમીમાં પંખાને નિશાન બનાવવા ચોરે શાળાના કેટલાક રૂમના દરવાજામાં બાકોરા પાડી અને નકુચા તોડીને અંદર -વેશ કર્યો હતો. પંખા ઉપરાંત શાળામાંથી એક મોટર સાથે તસ્કરોએ રૂ.૨૯,૨૦૦ ના મુદ્દામાલની ચોરી કરી હતી. ગણતરીના દિવસમાં ચોરને પેથાપુર પોલીસે ઝડપી લેવામાં સફળતા મેળવી છે. શાળાનો જ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી ચોરો કરી ગયો હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેની ધરપકડ કરી ચોરીનો તમામ મુદ્દામાલ રીકવર કરી આજે તેને સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધો છે.

વાતાવરણમાં આકરી ગરમીનું જોર યથાવત છે. ત્યારે તસ્કરોએ પણ ઋતુ મિજાજ મુજબ ચોરીનો ટાર્ગેટ નક્કી કર્યો હોય તેવો કિસ્સો -કાશમાં આવ્યો હતો. ઉઘડતા નવા શૈક્ષણિક સત્રના દિવસે ઉનાવા



-થમિક શાળાના વર્ગખંડોમાં એક પણ સીલીંગ ફેન ન દેખાતા શાળાના આચાર્ય ચોંકી ઉઠ્યા હતા. વેકેશન દરમિયાન તા.૨૦ મે થી ૯ જુનના સમયગાળામાં કોઈ જાણભેદુ તસ્કર ટોળકીએ શાળામાંથી તમામ પાંખોની ચોરી કરી લીધી હતી. ચોર ટોળકીએ શાળાના વર્ગખંડમાં કેટલાક ઠેકાણે બાકોરા પાડી દીધા હતા તો કેટલાક રૂમમાં નકુચો તોડીને -વેશ કર્યો હતો. શાળામાંથી ૨૭ પંખા અને એક મોટર મળીને રૂ.૨૯,૨૦૦ ના મુદ્દામાલની ચોરી થતા આ અંગે શાળાના આચાર્ય ભરતકુમાર રેવાભાઈ પટેલે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પી.એસ.આઈ.એસ.જે.વાઘેલાએ ગુનો દાખલ કરીને આ અંગે સઘન તપાસ શરુ કરી દઈ આરોપીને દબોચી લીધો છે. શાળાનો જ ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉનાવાના -જાપતિ વાસ માં રહેતો નીલેશ ઉર્ફે નીકો ગોવિંદ -જાપતિ દિવસે દરરોજ બે પંખા કાઢીને શાળાના એક ખૂણામાં સંતાડી દેતો અને રાતે ત્યાંથી લઈ જતો હતો. ચોરીનો તમામ મુદ્દામાલ ગામમાં એક ખાડો કરીને દાટી દીધો હતો.

## આજે રેશનલ સમાજની બેઠક

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આજે શનિવારે, સાંજે ૫.૦૦ વાગે નિર્સગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩ ખાતે મળશે. આ બેઠકમાં સમાજના સર્વે સભાસદોને ઉપસ્થિત રહેવા મંત્રીએ જણાવ્યું છે.

## આસિઆની માસિક સભા રવિવારે યોજાશે

એસોસિએશન ઓફ સીનીયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટસના સભ્યોની જૂન-૨૦૧૪ની માસિક સભા તા. ૧૫મી જૂનના રવિવારના દિવસે સવારે ૧૦.૩૦ કલાકે સીનીયર સીટીઝન્સ કાઉન્સીલના કાર્યાલય નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતે યોજાશે. મહામંત્રી એચ.બી. શાહે જણાવેલ છે.

## ગુજરાત ક્ષત્રિય સભાની બેઠક મળશે

ગુજરાત ક્ષત્રિય સભા નડીયાદ અને ગાંધીનગર જિલ્લાના અગ્રણીઓની બેઠક તા. ૧૫ જૂન, રવિવાર બપોરે ૧૨.૦૦ વાગે બાશ્રી વસંતકુંવરબા વિદ્યાલય, સે. ૨૮ ખાતે સેન્ટ્રલ હોલમાં યોજાશે. આ સભામાં સમાજના સર્વે ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

## સેકટર-૩૦માં પાણીનો ત્રાહિમામ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સેકટર-૩૦માં જાહેર જનતા માટે ઉપયોગી હોઈ તેવી જગ્યા કે પોસ્ટઓફિસ, શોપિંગ તેમજ રહેઠાણના તમામ ટાઈપના મકાનો,



પ્રાઈવેટ રેસીડેન્સીમાં ઘણા સમયથી પાણી આવતું નથી.

ગાંધીનગર સેકટર-૩૦ 'ચ' ટાઈપ ખાતે જે હોસ્ટેલો છે. તેમાં પાણીની મોટરોનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી ચ-ટાઈપના સરકારી વસાહતીઓને પાણીની મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સેકટર-૩૦ ખાતે સુવિધા કેન્દ્રની બાજુમાં પોસ્ટ ઓફિસમાં પોસ્ટમાસ્તરનું મકાન આવેલું છે તેમાં ત્રણ માસથી પાણી આવતું નથી. આ પોસ્ટ ઓફિસના મકાનના વસાહતી મહિલા ૨૦૦ મીટરથી પાણી ચ-ટાઈપ ખાતે જયાં સરકારી કામકાજ ચાલુ છે ત્યાંથી પાણી ભરીને લાવે છે. સેકટર-૩૦ ગાંધીનગરનો એકભાગ છે. ત્યાંજ દીવા તળે અંધારૂ છે પ્રમુખ હરિસિંહ એમ રાઠોડે જણાવેલ છે.

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ શરૂ થતાં સચિવાલય મંત્રીઓ અધિકારીઓ વિહોણું બન્યું

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં આજથી શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં અધિકારીઓ મંત્રીઓ જતાં સચિવાલય અધિકારીઓ અને મંત્રીઓ વિહોણું બન્યું છે.

શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયો ઘટાડવા અને લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવે તે માટે રાજય સરકાર દ્વારા રાજયમાં દર વર્ષે બે તબક્કામાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો આજથી રાજયમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.

રાજયમાં આજથી શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની જવાબદારી મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓને સોંપવામાં આવતાં તમામ મંત્રીઓ અને ઉચ્ચ સનદી અધિકારીઓ તેમને ફાળવેલા જિલ્લા તાલુકાના પ્રવાસે ગયા છે. જયાં મંત્રીઓ અને અધિકારીઓ નાના બાળકોને શાળાઓમાં નામાંકન કરાવીને પ્રવેશ અપાવી પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવશે.

મંત્રીઓ અને અધિકારીઓ ગઈકાલથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે ત્રણ દિવસ માટે જિલ્લા તાલુકાના પ્રવાસે જતાં સચિવાલયના તમામ વિભાગો અધિકારીઓ અને મંત્રીઓ વિહોણા બન્યા છે.

રાજયમાં આજથી શરૂ થયેલો શાળા પ્રવેશોત્સવો કાર્યક્રમ બે તબક્કામાં યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં ગ્રામ્ય વિસ્તારમાં અને બીજા તબક્કામાં શહેરી વિસ્તારમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે.

# સરદાર સરોવર ડેમના દરવાજા બેસાડવાના નિર્ણયને નર્મદા જળ રક્ષક સંઘે આવકાર્યો


### સંઘે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીને અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમના દરવાજાનું ખાત મુહુર્ત કરવામાં આવતા રાજયમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. નર્મદા જળ રક્ષક સંઘની બેઠક સંસ્થાના અધ્યક્ષ સચ્ચિદાનંદ મહારાજના અધ્યક્ષસ્થાને મળી હતી તેમણે નર્મદા કંટ્રોલ ઓથોરીટીએ લીધેલ નિર્ણયને આવકાર્યો છે.

છેલ્લા ઘણા વર્ષોથી નર્મદા બંધના દરવાજાને લઈને વિવાદો થઈ રહ્યા હતા ત્યારે આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા ખાત મુહુર્ત કરવામાં આવતા આ સમસ્યાનું નિરાકરણ આવ્યું છે. આ સિદ્ધિને ગુજરાતની તમામ એન.જી.ઓ.એ. બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

બેઠકમાં નર્મદા જળ રક્ષક સંઘના મંત્રી મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી દરિયામાં લાખ્ખો કયુસેક નર્મદાનું પાણી વહી જાય છે. જે હવે કચ્છના છેવાડાના ગામડા સુધી પહોંચી તરસ્યા ગામોની તરસ છીપાવશે. આ બેઠકમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પણ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તેમજ આગામી સમયમાં ગુજરાતના વર્ષોથી પડેલા પડતર પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.



સરદાર સરોવર નર્મદા બંધની ઉંચાઈ વધારાના મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લીલીઝંડી આપી દેતા સમગ્ર ગુજરાતમાં ઉત્સવનો માહોલ સર્જાયો છે. ગાંધીનગરમાં મહાનગર ભાજપ દ્વારા ગુરુવારે રાત્રે ઘ-૪ સર્કલ પાસે આતશબાજી કરી આ નિર્ણયને વધાવી ખુશી વ્યકત કરવામાં આવી હતી. આ તબક્કે શહેર ભાજપના પ્રમુખ નીતિન પટેલ ધારાસભ્ય અશોક પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ સહીતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૯.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હોલીડે : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

હોલીડે : ૧૨.૩૦

ફુગલી : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦

હોલીડે : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ફગલી : ૧૦.૦૦

ચલ ભાગ : ૧૨.૪૫

મછલી જલ કી રાની હૈ : ૩.૦૦, ૧૦.૦૦

અનફોગ્રેટેબલ : ૬.૩૦

: સ્ક્રીન-૫ :

હોલીડે : ૧૦.૦૦

ફગલી : ૧.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦, ૧.૧૫, ૬.૦૦, ૮.૧૫

ફિલ્મીસ્તાન : ૩.૩૦

હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :

હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ફગલી : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

હોલીડે : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

ફગલી : ૪.૧૫

: સ્ક્રીન-૩ :

ચલ ભાગ : ૧૦.૩૦, ૩.૩૦, ૮.૩૦

મછલી જલ કી રાની હૈ : ૧.૦૦, ૬.૦૦, ૧૧.૦૦

## આપની આજ

**મેષ** : નવા સંબંધો લાભદાયક રહેશે. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા.આવક- ખર્ચમાં સંતોલન રહેશે.

**મિથુન** : આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદોથી બચવું. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે.

**કર્ક** : પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ લાભ થવાની સંભાવના છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતન થશે.

**સિંહ** : કચેરીના વિવાદ, દૈનિક વ્યાપાર, કુટુંબની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્સ થશે. આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓને લગતી યાત્રા અને ખર્ચ થશે. અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે.

**ધન** : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિનો યોગ. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે.

**મકર** : સંચિત ધનમાં વધારો થશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : આર્થિક કારણોથી સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ ન કરવો. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. રંજનબેન હસમુખભાઈ જયસ્વાલ (ઉ.વ. ૬૦) મુ.પો. શિહોલી મોટી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમલાબેન શામજીભાઈ ટાંક (ઉ.વ. ૮૯) પ્લોટ નં. ૨/૨, સેકટર-૩/એ-ન્યુ, ગાંધીનગર.